વડીલોને વંદન અભિનંદન

કુંવરજીભાઈ પટેલ
(૧૯૩૫) મો. ૯૯૨૪૮૫૦૬૧૨

ભાનુપ્રસાદ પુરાણી
(૧૯૩૯) મો. ૯૯૦૪૨૫૬૧૧૪
ફોન: ૨૩૨ ૨૫૦૨૬

જયંતિભાઈ બી ઘેડીયા
(૧૯૪૨) મો. ૯૭૨૩૮૪૪૧૦૦

નીરુબેન મૂળજીભાઈ પરમાર
(૧૯૪૭) મો. ૯૮૨૪૨૩૬૯૯૩

નોકરી આપવાના બહાને ૯.૫૫ લાખની ઠગાઈ કરનાર દંપત્તિ વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગર તાલુકાના રાજપુર (નવા) ગામના રહીશ સાથે દિકરાને નોકરી અપાવવાની લાલચ આપી વર્ષ ૨૦૦૫માં રૂા.૯.૫૫ લાખની છેતરપિંડી કરનાર સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીના દંપતિ વિરૂધ્ધ સોમવારે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ગુનો દર્જ કરાયો છે. જેમાં રહીશ પાસેથી લાખ્ખોની મત્તા પડાવ્યા બાદ ન તો નોકરી અપાવી કે ન તો મત્તા પાછી આપનાર બંને પતિપત્નિ વિરૂધ્ધ ગ્રામ્ય પોલીસે વિશ્વાસઘાત સાથે છેતરપિંડી આચરવાનો મામલો નોંધી સમગ્ર પ્રકરણની તપાસનો દોર શરૂ કર્યો છે.

આ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર તાલુકાના રાજપુર (નવા) ગામે રહેતા ભીખાભાઈ ડાહ્યાભાઈ પટેલનો વર્ષ ૨૦૦૫ના જાન્યુઆરી માસમાં સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ખાતે રહેતા દંપતિ બળદેવભાઈ ધરમશીભાઈ પટેલ અને જશુબેન બળદેવભાઈ પટેલનો સંપર્ક થયો હતો. તે દરમિયાન આ દંપતિએ ભીખાભાઈ પટેલના દિકરાને નોકરી અપાવી દેવાની લાલચ આપી વિશ્વાસ કેળવ્યો હતો. દરમિયાનમાં રૂા.૯.૫૫ લાખની માતબર રકમ નોકરી અપાવવા માટે માંગતા ભીખાભાઈએ દિકરાને નોકરી મળી જશે તેવી લાલચમાં આવી જઈને લીંબડીના દંપતિને રૂા.૯.૫૫ લાખ રોકડા આપ્યા હતા.

સમય પસાર થતો રહ્યો પણ ભીખાભાઈ પટેલના દિકરાને નોકરી ન મળતા તેઓ લીંબડીના દંપતિ પાસે ઉઘરાણી કરતા રહ્યા હતા. અંતે નોકરીની લાલચ આપી લાખ્ખો રૂપિયા પડાવી લેનાર દંપતિએ લીધેલા રૂપિયા પણ પાછા ન આપતા રાજપુર (નવા) ના રહીશને પોતાની સાથે છેતરપિંડી સાથે વિશ્વાસઘાત થયાનો અહેસાસ થયો હતો. આમ દિકરાની નોકરીની લ્હાય સાથે લાલચમાં લાખ્ખો રૂપિયાની મત્તા ગુમાવનાર ભીખાભાઈ પટેલે છેવટે કંટાળી સોમવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જઈ ઘટના અંગેની પોલીસને જાણ કરી હતી.

ગ્રામ્ય પોલીસે ભીખાભાઈની ફરિયાદ આધારે લીંબડી ખાતે રહેતા દંપતિ બળદેવભાઈ ધરમશીભાઈ પટેલ અને જશુબેન બળદેવભાઈ પટેલ વિરૂધ્ધ છેતરપિંડી સાથે વિશ્વાસઘાતનો ગુનો દર્જ કરી સમગ્ર પ્રકરણની તપાસ પી.એસ.આઈ. કે.એચ.બિહોલાએ હાથ ધરી છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર રેલવેના ખાનગીકરણ સામે વિરોધ

રેલવેના સંભવિત ખાનગીકરણ સામે કેન્દ્રની મોદી સરકાર સામે રેલવે કર્મીઓએ બાંયો ચડાવી છે. ત્યારે આજે પાલનપુર ખાતે પણ વિરોધ પ્રદર્શન વચ્ચે 'પ્રધાનમંત્રી મુર્દાબાદ'ના નારા ગુંજી ઉઠ્યા હતા. રેલવેમાં વિદેશી નિવેશ સાથે રેલવેના કથિત ખાનગીકરણની હીલચાલ સામે રેલવે કર્મચારીઓ કેન્દ્ર સરકાર સામે બાંયો ચડાવી છે. આજે દેશવ્યાપી વિરોધ પ્રદર્શન વચ્ચે પાલનપુર રેલવે સ્ટેશન ખાતે પણ રેલવે કર્મચારી યુનિયનોએ રેલેવના ખાનગીકરણ સામે ભારે રોષ ઠાલવતા કાળી પટ્ટી ધારણ કરી બ્લેક-ડે મનાવી કેન્દ્ર સરકાર વિરોધી ઉગ્ર નારાબાજી સાથે વિરોધ પ્રદર્શિત કર્યો હતો. દેશ-વિદેશમાં ભારે ચાહના મેળવનાર પ્રધાનમંત્રી મોદી રેલવેનું ખાનગીકરણ કરી રેલવેને કોર્પોરેટ ટચ આપી રેલવે કર્મીઓ સહીત આમઆદમીના જાહેર હીતોને નુકશાન પહોંચાડી રહ્યા હોવાનો રેલવે કર્મીઓએ આક્ષેપ કર્યો હતો. રેલવેના ખાનગીકરણની હીલચાલ સામે રોષ ઠાલવતા રેલવેકર્મીઓએ જરૂર પડે પોતાની લડત ઉગ્ર બનાવવાની પણ ચીમકી ઉચ્ચારી હતી.

વાત્રક નર્સરીમાં ઉભા ૪ લીલા વૃક્ષ વન વિભાગે વેતરી નાખ્યા

'વધુ વૃક્ષો વાવો'ની દુહાઈ દેતા વિભાગના કરતૂતોથી પર્યાવરણપ્રેમીઓ નારાજ

મોડાસા, તા. ૩૦

બાયડતાલુકાના વાત્રક ખાતે આવેલી નર્સરીમાંથી આરએફઓની જાણ બહાર ચારથી પાંચ વૃક્ષોનું નિકંદનો કાઢી નાખવામાં આવતાં ચકચાર મચી ગઈ છે. જંગલ ખાતાની જમીનમાંથી વૃક્ષો કપાવાના મુદ્દાને લઈ વન વિભાગના કર્મચારીઓ સામે આંગળી ચિંધાઈ છે.

વાત્રક નર્સરીમાં છેલ્લા કેટલાક દિવસોથી વૃક્ષો કાપવામાં આવી રહ્યાનું બહાર આવતાં તાલુકાભરમાં ચર્ચાઓ ઉઠી છે. એક તરફ સરકાર વધુ વૃક્ષો ઉછેરવા માટે કરોડો રૂપિયા ખર્ચી અભિયાન ચલાવે છે. ત્યારે બાયડ તાલુકામાં દીવાતળે અંધારું થયું છે. વાત્રક જંગલ ખાતાની નર્સરીમાંથી ઉચ્ચ અધિકારીઓની જાણ બહાર લીમડા, નીલગીરી, ગુલમહોર, અરડુસો સહિતના વૃક્ષો કાપી નાખવામાં આવ્યા છે. જે મામલે ઉચ્ચ કક્ષાએથી કોઈપણ જાતની મંજૂરી લેવાઈ હોવાનું બહાર આવતાં મામલે તપાસ કરી દોષિતો સામે પગલાં ભરાય તેવી પર્યાવરણે-મીઓમાં માંગ ઉઠી છે.

(તસવીર : જીતેન્દ્ર પટેલ, મોડાસા)

પ્રાંતિજમાં રોગચાળાના પગલે ગ્રામજનો ભયભીત : આરોગ્ય તંત્રની ટીમો ખડે પગે

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારના ઈન્દીરાનગર વિસ્તારમાં દૂષિત પાણીના પગલે છેલ્લા ત્રણેક દિવસથી વકરેલો ઝાડા ઉલ્ટીનો રોગચાળો વકરતાં ૧૩૦ જેટલા લોકો સરકારી હોસ્પિટલ તથા ખાનગી ફાડવા, ગંદવાડના લીધે તથા પાણી લીકેજના કારણે વકરેલો રોગચાળો અટકવાનું આ લખાય છે ત્યાં સુધી નામ લેતો નથી.

એક બાજુ વકરેલા રોગચાળાને કાબુમાં લેવા ડૉ. ગૌતમ નાયકે ટીમ કામે લગાવી માનવતાનું ઉત્તમ કાર્ય કર્યું છે તો નગરપાલિકાના સી.ઓ. નગરપાલિકાની ગાડી તૈનાત કરી ખડે પગે સેવાઓ આપી હતી. અર્બન હેલ્થ સેન્ટર તાબડતોબ ધબકતું કરી દેવાયું હતું.

જયારે ઈન્દીરાનગરમાં જ દેશી દારૂની થેલીઓનું વેચાણ એક બાજુ ખુલ્લેઆમ તથા આરોગ્ય વિભાગની ટીમ પણ ચમકી ગઈ હતી જયારે દવા

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

દવાખાનામાં સારવાર લઈ રહ્યા છે તો વ્હોરવાડમાં પણ ૧ પથી પણ વધારે કેસો મળી આવ્યા છે. ત્યારે પ્રાંતિજ બ્લોક હેલ્થ સેન્ટર દ્વારા ૬ ટીમો સારવારમાં લગાવી દઈ કલોરીન યુક્ત દવાઓ શુધ્ધ પાણીની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

નગરપાલિકાના આ વિસ્તારમાં ગંદકી તથા બાજુમાં જ મરેલા પશુઓ કે. પ્રમુખ કે કેટલાક સત્તાધીશોને અહીં આવવાનો પણ સમય ન મળતાં ગરીબ લોકો આંસુ સાથે ખિન્ન થયા હતા.

જો કે કોર્પોરેટર મહેબુબ ભાઈ બલોચ, માજી પ્રમુખ અરવિંદભાઈ પરમારે ખડે પગે રહી લોકોને દવાખાને પહોંચાડવાની, ટેન્કર વ્યવસ્થા તથા ૧૦૮ ઈમરજન્સી સેવા, વિતરણ કરવા જતા નર્સ બહેનો પણ ભયના ઓસાર હેઠળ દવાઓનું વિતરણ કરી પોતાની નિષ્ઠા જવાબદારી નિભાવી હતી તો ડૉકટરની ટીમ દ્વારા દારૂ વેચાણ ઉપર બ્રેક લગાવવામાં આવી હતી ત્યારે પોલીસનું કામ હાલ તો ડૉકટરો દ્વારા કરાતાં વિસ્તારના લોકોએ ખુશી વ્યકત કરી હતી.

ઊંઝાના પળી ગામેથી ચાર જુગારીયા ઝડપાયા

ઊંઝા, તા. ૩૦

ઊંઝા તાલુકાના પળી ગામની સીમમાં આવેલ સૂજલામ સુફલામ કેનાલની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોવાની મળેલ બાતમીના આધારે પોલીસે સાંજના સમયે આ સ્થળે અચાનક દરોડો પાડ્યો હતો. જેમાં પત્તાપાના વડે હારજીતનો જુગાર રમતા ચૌધરી ગોવિંદ દલસંગભાઈ, ચૌધરી નિલેશ ગણેશભાઈ બન્ને રહે. પ્રતાપગઢ, પ્રજાપતિ દિલીપ જયંતિભાઈ અને શેખ મોહમંદ નૂરમહંમદ બન્ને રહે. ઉનાવાને પોલીસે ઝડપી લઈ તેઓની પાસેથી રોકડ રકમ અને જુગારના સાધનો મળુ કુલ ૯૧૩૦ની મત્તાનો મુદ્દામાલ કબજે કરી જુગારધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

હિંમતનગર સિનીયર સીટીઝન એસો.ની સભા મળી

હિંમતનગરમાં આવેલ ઉમિયા પરિવાર સમાજવાડીમાં તાજેતરમાં સિનીયર સીટીઝન એસોસીએશનની વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ૮૦ વર્ષ પૂર્ણ કરનાર સભાસદોનું તથા ધોરણ૧૦ અને ૧૨માં ૯૦ ટકાથી વધુ માર્કસ લાવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યુ હતું. તેમજ વર્ષ ૨૦૧૪-૧૫ના સંસ્થાના હિસાબો સર્વાનુમતે મંજુર કર્યા હતા.

આજે અમદાવાદમાં સીએ ડે અને ડોકટર્સ ડે ની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૩૦

ધ ઈન્સ્ટિટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ની ડબલ્યુઆઈઆરસીની અમદાવાદ બ્રાન્ચ અને અમદાવાદ મેડિકલ એસોસિએશન (એએમએ)ના સંયુકત ઉપક્રમે આવતીકાલ તા. ૧ જુલાઈ ૨૦૧૫ના રોજ સીએ ડે અને ડોકટર્સ ડે ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ૫૦૦થી પણ વધુ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ અને ડોકટરો દ્વારા નહેરુબ્રિજ, આશ્રમ રોડ ખાતે માનવસાંકળ રચીને પ્રગતિશીલ ભારત અને તંદુરસ્ત ભારત એટલે સમૃદ્ધ ભારતનો સંદેશો ફેલાવશે.

સીએ ડે અને ડોકટર્સ ડે ની શાનદાર ઉજવણી દ્વારા નાગરિકોમાં પ્રગતિશીલ અને તંદુરસ્ત ભારતનો સંદેશો ફેલાવવા ચાર્ટર્ડ એકાઉન્ટસ અને ડોકટરો દ્વારા સંયુકતપણે કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

આ કાર્યક્રમની જાણકારી આપવા યોજાયેલી પત્રકાર પરિષદમાં બંને સંસ્થાઓના વડાઓ દ્વારા વિગતો આપવામાં આવી હતી અને ફુડ ઓઈલની આયાત ઘટાડીને વિદેશી હુંડિયામણની બચત કરવાની જરૂરિયાતો પર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો. તેમણે નાગરિકોને તેમના કરવેરાની જવાબદારી પ્રમાણિકતાપૂર્વક અદા કરવાની, જે ચીજવસ્તુ ખરીદે તેનું ઈનવોઈસ લેવાની જરૂરિયાત પર ભાર મૂકયો હતો. તેમણે ઉત્પાદકતા અને ગુણવત્તાસભર પ્રોડકટસને વધારીને તેના દ્વારા વૈશ્વિક બજારમાં સ્પર્ધા કરવાની અને તેના દ્વારા મેઈક ઈન ઈન્ડિયા ઝુંબેશને પ્રોત્સાહિત કરવાની જરૂરિયાતો પર ભાર મૂકયો હતો.

આ પરિષદમાં ધુમ્રપાન અને ડ્રગ્સ જેવા સ્વાસ્થ્ય સંબધી જોખમોથી યુવાધનને દૂર રાખવાની તેમજ સાવધાનીપૂર્વક વાહન ચલાવીને જિંદગી બચાવવાની જરૂરિયાતો પર પણ ભાર મુકવામાં આવ્યો હતો.

શબ્દાવલી - ૫૭૭૫

૧		૨	૩	■	૪		૫
	■	૬				■	
૭			■	■	૮	૯	
	■	■	૧૦	૧૧	■		■
■		૧૨			૧૩	■	૧૪
૧૫	૧૬		■	■		■	
૧૭		■	૧૮	■	૧૯	૨૦	
૨૧			■	૨૨			

આડી ચાવી

૧. નાદાનિયત, છોકરમત (૪)
૪. ખાંધે બોજો ઉપાડવા બનાવેલ તુલા (૩)
૬. રોતલ-ચહેરો (૪)
૭. 'વમળ' શબ્દ ખોવાયો છે (૩)
૮. ચમક, ઝળક, તેજ (૩)
૧૦. કેડ, કમર (૨)
૧૨. સિંહને... કહેવાય, વનનો રાજા (૪)
૧૫. ફેફસાં (૩)
૧૭. ચારો, '૪'ની સંખ્યા (૨)
૧૮. કાયદો (૧)
૧૯. સુખડની બનાવટનો એક સાબુ (૩૦
૨૧. લીલા વટાણાની શીંગો (૩)
૨૨. અડધી રાત (૪)

ઊભી ચાવી

૧. બાણ ચલાવવામાં કુશળ (૪)
૨. લાજ, લજ્જા, સંકોચ (૩)
૩. એક ઊંચુ ઝાડ (૨)
૪. ખેપિયો, કાગળ લાવવા-લઇ જનાર (૩)
૫. સિંહની ગર્જના, ત્રાડ (૩)
૯. કુસ્તીબાજ (૨)
૧૦. સાંભળવાની ઇન્દ્રિય (૨)
૧૧. સાચા (૨)
૧૨. અને, તથા (૨)
૧૩. મગધ દેશનો રાજા, કંસનો સસરો (૪)
૧૪. વ્યાયામ (૪)
૧૫. દ્રૌપદી, પાંચાલ દેશની કુંવરી (૩)
૧૬. સહેલુ, સુગમ (૩)
૨૦. એક સ્વાદ, ... સ્વાદનું (૨)

શબ્દાવલી ૫૭૭૪ના જવાબ

આડી ચાવી :- (૧) અજ્ઞાતવાસ (૪) વક્ષ (૬) યશ (૭) સુદ્યમા (૮) કાવડીયા (૯) ધારનું (૧૧) મર (૧૨) મમ (૧૩) માના (૧૪) ગુના (૧૫) ણીકર (૧૬) જોને (૧૭) લાય (૧૮) તલબગાર (૨૦) ખતા (૨૧) નરમ

ઊભી ચાવી :- (૧) અક્ષરધામ (૨) તયખાનુ (૩) વાશ (૪) વદ્યડી (૫) ક્ષમાયાચના (૭) સુવર (૮) કામના (૧૦) રમણીયતા (૧૩) મારતલ (૧૪) ગુનેગાર (૧૬) જોબન (૧૭) લાખ (૧૯) રમ

કોલેરા પોઝીટીવ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગામમાં તંત્રએ કલોરીનની ટિકડીઓનું વિતરણ પણ શરૂ કર્યું છે. દહેગામ તાલુકામાંથી અગાઉ પણ બે કોલેરાના કેસ મળ્યા હતા. જે નાના ભૂલકાઓ હતા. દહેગામ તાલુકામાંથી જ આ ત્રીજો કેસ મળી આવ્યો છે. જયારે ગાંધીનગર શહેરમાંથી એક અને તાલુકામાંથી બે કેસ મળી આવ્યા છે.

અગાઉ પેથાપુરમાંથી મળેલ કેસમાં દર્દીની તબિયત સારી થઈ જતાં તેણીનીને રજા આપવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

વાત માત્ર અફવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલીસે ગામે ગામ ફરીને જાગૃતિ લાવવાનો પ્રયાસ કરતાં ગ્રામજનોમાં આવેલી જાગૃતિતાને કારણે અફવા બજાર ધીરે ધીરે શાંત થઈ રહ્યું હોવાનું એસ.પી. વિરેન્દ્રસિંગ યાદવે જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રે બુકાની પહેરીને, ચડ્ડી-બનીયાન પહેરીને, શરીરે ઓઈલ લગાવીને, ચપ્પા-ધોકા જેવા હથિયારો લઈને ટોળકી આવે છે અને કોઈના કાન તો કોઈના વાળ કાપી નાંખે છે તો ક્યાંક ધોકા વડે ઢોર માર મારીને ભાગી જાય છે. આવી અફવાઓએ જબરદસ્ત વેગ પકડ્યો છે. જેને પગલે ગાંધીનગર એસપી વિરેન્દ્રસિંગ યાદવે આ બાબતને ગંભીરતાથી લઈ ઝીણવટભરી તપાસ કરવા તાબા હેઠળના પોલીસ અધિકારીઓને સુચનાઓ આપી...! જ્યાં જ્યાંથી આવી ઘટના કે ચોર-લુંટારૂ આવ્યાની વાત આવે કે તુરંત ટીમે મોકલી પરંતુ ક્યાંયથી આ ટોળકી કે તેનો એક સાગરીત પણ પોલીસને હાથે ન લાગ્યો...! એકેય સાગરીત દેખવા પણ ન મળ્યો ...! આખરે જે-જે ગ્રામજનો રાત્રે ટોળા કરીને હથિયારો લઈને ફરવા લાગ્યા તે પૈકી એક-એક વ્યક્તિને પુછ્યું કે તમારામાંથી કોઈએ નજરે આ ગેંગને જોઈ ? તો કોઈ એવું ન મળ્યું કે તેણે આ ગેંગને જોઈ હોય...! માત્ર આ ગેંગ વિશે સાંભળ્યું જ છે ને હથિયાર લઈને ટોળા નીકળી પડ્યા છે. કેટલાક વિસ્તારોમાં ગાડી લઈને ગેંગને ભાગતા જોયાની બુમો ઉઠી તો ત્યાં પોલીસ ઊંડી તપાસ કરી ત્યારે બહાર આવ્યું કે ગ્રામજનોનું ટોળુ તેમની સામે આવતા જોઈને તે ગાડી લઈને જતા માણસો પોતાનો જીવ બચાવવા ભાગ્યા અને ગ્રામજનોને લાગ્યું કે આ લોકો એટલે ભાગ્યા કે તે ચોર-લુંટારા હતા...! તાજેતરમાં વલાદમાં એક મહિલાને બાંધીને વાળ કાપી નાંખ્યાનો બનાવ બહાર આવ્યો હતો. જેમાં ઊંડી તપાસ કરતાં વાળ કોઈ શસ્ત્રથી કાપેલા ન હોવાનું પરંતુ કાંસકામાં ગુંચ ન છુટેલા અને ખરી ગયેલા વાળનું ગુંચડુ હોવાનું બહાર આવ્યું છે. તે ઉપરાંત પેથાપુરમાં એક મહિલાના કાન કાપી નાંખ્યાની વાત આવતા પોલીસે તપાસ કરતાં એવું કાંઈ હતુ જ નહી...! ચારેય તરફ માત્ર અફવા..અફવા... અફવા...! જેને કારણે હવે કોઈપણ અંગત દુશ્મનાવટમાં સામાન્ય મારઝુડનો બનાવ બને તો પણ ચોર-લુંટારૂ ટોળકી સાથે સાંકળી લઈ તેને વધારી ચઢાવીને પ્રસ્તુત કરી અફવાઓ ફેલાવા લાગી છે. જેનાથી દહેશતનો માહોલ સર્જાતા સકીય ગ્રામજનોને પણ પોલીસ સાથે પેટ્રોલીંગની કામગીરી સાથે સાંકળી ઘોડેસવાર પોલીસ, એસઓજી, એલસીબી, સ્થાનિક પોલીસ સહિતના કાફલાને પણ નાઈટ પેટ્રોલીંગમાં રહેવાની સુચના આપી સુરક્ષીત હોવાનો અહેસાસ કરાવવા ડીએસપી વિરેન્દ્રસિંહ યાદવે કવાયત હાથ ધરી છે.

સ્વાઈન ફ્લુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગ્રામ્ય વિસ્તારમાં પાણીના લિકેજીસ જણાય તો તાત્કાલિક દુરસ્તી કરાવી લેવા પંચાયતને લેખિતમાં જાણ કરવી તેમજ પગલાં જો સમયસર ના લેવાય તો બ્લોક લેવલે અને જિલ્લા લેવલે પણ ધ્યાન દોરવુ જેથી આગળની કાર્યવાહી થઈ શકે.

ચોમાસાને ધ્યાને લઈ દરેક સબસેન્ટર તેમજ પી.એચ.સી. પર દવાનો પુરતો જથ્થો રાખવા માટે પણ કડક તાકીદ કરવામાં આવી છે.

આ બેઠકમાં આરોગ્યના વિવિધ કાર્યક્રમો જે હાલ ચાલી રહ્યા છે તેમાં જ્યાં જ્યાં ધીમી ગતિ જણાઈ છે તેમને તે બાબતે ઝડપથી કામગીરી કરવા અને સમય-મર્યાદાનું પાલન કરવા માટેની સૂચના આપતાં અધિકારીઓએ જણાવ્યું છે કે ઉદાસીન રહેનાર સામે પગલાં લેવામાં આવશે.

મકાનો તોડી પડાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાંખવામાં આવ્યા છે. બાકીના યુનિટો તોડવાનું કામ ચાલી રહયું છે. આ ઉપરાંત સેકટર ૧૩માં પણ કુલ નિકાલ હેઠળના ૩૨૨ મકાનો તોડવાનું કામ ચાલી રહયું છે.

જયારે હાલની સ્થિતિએ ૫૦ જેટલા મકાનો તોડી નાંખવામાં આવ્યા છે. જયારે સે-૬ તેમજ સે-૨૮,૨૯,૩૦ અને સે-૧૬ માં પણ નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ ચાલી રહયું છે. નિકાલ હેઠળના મકાનો તોડવાનું કામ આગામી બે મહિનામાં પૂર્ણ કરી દેવાશે.

ગાંભોઈમાં સરકારી મકાનની દીવાલ તોડી નાખતા બે વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૩૦

હિંમતનગર તાલુકાના ગાંભોઈમાં આવેલી સિંચાઈ વિભાગની કચેરી અને સ્ટાફ કવાર્ટર કેમ્પસની કમ્પાઉન્ડ વોલને રવિવારે કોઈની પરવાનગી વિના ટ્રેકટર વડે તોડી પડાતા રૂપિયા પાંચેક હજારનું નુકશાન થવા પામ્યુ હતું. જે ઘટના સંદર્ભે ગાંભોઈના એક શખ્સ ઉપરાંત ટ્રેકટરના ચાલક મળી બે જણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાતા ગાંભોઈ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંભોઈ પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર ગાંભોઈના બ્લોક નં.૪૨૨ માં સરકારી સિંચાઈ વિભાગની સને ૧૯૬૦ થી કચેરી તેમજ સ્ટાફ કવાર્ટર આવેલા છે અને તેની પર ગાંભોઈમાં રહેતા વિનુજી ઉદાજી પરમારનો કબજો અને ભોગવટો રહ્યો છે. રવિવારે વિનુજીએ કોઈની પણ પરવાનગી લીધા વિના કચેરીસ્ટાફ કવાર્ટરના કેમ્પસની કમ્પાઉન્ડ વોલ ટ્રેકટર નં.જીજે.૭ઈ.૮૦૧ ઉના ચાલકની મદદ વડે તોડી નાખતા રૂપિયા પાંચેક હજારનું નુકશાન થવા પામ્યુ હતું.

જે ઘટના સંદર્ભે સિંચાઈ વિભાગના મહેન્દ્રકુમાર ચુનીલાલ પટેલે સોમવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં વિનુજી ઉદાજી પરમાર તેમજ ટ્રેકટર ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દર્જ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વિસનગરા નાગર પરિવારની સભા યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

વિસનગરા નાગર પરિવાર ગાંધીનગરની સલાહકાર સમિતિની મિટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા. ૫ જુલાઈ, રવિવાર સાંજે ૫-૦૦ વાગે સેકટર-૧૭ સ્થિત નર્મદેશ્વર મહાદેવ મંદિર ખાતે યોજાશે. બેઠકમાં શ્રાવણ માસની ધામધૂમથી ઉજવણી કરવા માટે અને પરીવારની પરિચય પુસ્તિકા તૈયાર કરવા સહિતની ચર્ચા કરવામાં આવનાર છે ત્યારે આ બેઠકમાં વિસનગરા નાગર પરિવારના સભ્યોને ઉપસ્થિત રહેવા પ્રમુખ સુરેશ મહેતાએ જણાવ્યું છે.

શ્રીજી હવેલી ખાતે પુષ્પ વિતાન મનોરથ

ગાંધીનગર, તા. ૩૦

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજી હવેલી સેકટર-૨૧ ખાતે પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે આજે પુષ્પ વિતાન મનોરથ યોજવામાં આવશે.

ઈ-ટુરિસ્ટ વિઝા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિમાની મથકને પણ એન્ટ્રી પોઈન્ટ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. સરકારને ભારતમાં મોટી સંખ્યામાં ચીની પ્રવાસીઓનો ધસારો રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. વડાપ્રધાન દ્વારા આપવામાં આવેલા વચન મુજબ ચીની નાગરીકોને પણ ઈ-ટુરીસ્ટ વિઝા સુવિધા આપવામાં આવી રહી છે. ઉપરાંત વધુ ૩૧ દેશોના નાગરીકોને ઈ-ટુરીસ્ટ વિઝા સુવિધા આપવામાં આવશે. વિઝા સાથે સંબંધિત મુદ્દાઓની ચર્ચા થઈ ચુકી છે. ગૃહ, વિદેશ, પ્રવાસ મંત્રાલયના પ્રતિનિધિઓ દ્વારા ઉચ્ચસ્તરીય બેઠકમાં હાજરી આપવામાં આવી હતી. તૈયારીઓ જોરદાર રીતે ચાલી રહી છે. ચીનની સાથે કેટલાક વધુ દેશોના નામની પણ જાહેરાત કરવામાં આવનાર છે, જે લોકોના દેશોને ઈ-ટુરીસ્ટ વિઝા આપવામાં આવનાર છે. આવી રહ્યા છે, કારણકે મોટી સંખ્યામાં ચીની પ્રવાસીઓનો ધસારો રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. વડાપ્રધાન દ્વારા આપવામાં આવેલા વચન મુજબ ચીની નાગરીકોને પણ ઈ-ટુરીસ્ટ વિઝા સુવિધા આપવામાં આવી રહી છે. ઉપરાંત વધુ ૩૧ દેશોના નાગરીકોને ઈ-ટુરીસ્ટ વિઝા સુવિધા આપવામાં આવશે. વિઝા સાથે સંબંધિત મુદ્દાઓની ચર્ચા થઈ ચુકી છે. ગૃહ, વિદેશ, પ્રવાસ મંત્રાલયના પ્રતિનિધિઓ દ્વારા ઉચ્ચસ્તરીય બેઠકમાં હાજરી આપવામાં આવી હતી. તૈયારીઓ જોરદાર રીતે ચાલી રહી છે. ચીનની સાથે કેટલાક વધુ દેશોના નામની પણ જાહેરાત કરવામાં આવનાર છે, જે લોકોના દેશોને ઈ-ટુરીસ્ટ વિઝા આપવામાં આવનાર છે. એક્સટેન્શનથી જે દેશોને લાભ થશે તેમાં બ્રિટેન, સ્પેન, નેધરલેન્ડ, પોર્ટુગલ, મલેશિયા, તાન્ઝાનિયા અને આર્જેન્ટીનાનો સમાવેશ થાય છે. અર્મેનિયા, અરુબા, બેલ્જિયમ, કોલંબિયા, ક્યુબા, હંગેરી, આયર્લેન્ડ, જમૈકા, માલ્ટા, મોંગોલિયા, મોઝામ્બિક, પનામા, પેરુ, પોલેન્ડ, પોર્ટુગલ, સ્લોવેનિયા, સેન્ટલુસિયા, સુરેનામ, સ્વીડન, ઈસ્ટ ટીમોરના દેશને પણ સુવિધા મળશે. ચીનની ગયા મહિનાની યાત્રા દરમિયાન મોદીએ જાહેરાત કરી હતી કે ચીની નાગરીકોને ઈ-ટુરીસ્ટ સુવિધા આપવામાં આવશે. નાણાં મંત્રી અરુણ જેટલીએ બજેટ ૨૦૧૫-૧૬માં ૧૫૦ દેશોને ઈ-ટુરીસ્ટ સ્કીમની જાહેરાત કરી હતી.